# પ્રવૃત્તિદર્શન

– સંકલન



❇ 'ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી'ના તમામ કર્મચારીઓ યુનિવર્સિટીની સંકલ્પના, હેતુ, કાર્ય અને સંપૂર્ણ કાર્યપદ્ધતિથી પરિચિત થાય અને ધ્યેયસિદ્ધિ માટે ભવિષ્યમાં કેવાં કાર્યો કરી શકાય એનું ચિંતન-મનન કરે તેમજ બધા કર્મચારીઓ પરસ્પરને સમજે-નિકટ આવે એ હેતુથી વલસાડ જિલ્લાના ધરમપુરમાં શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ ખાતે દિ. ૩૧ જાન્યુઆરી થી ૨ ફેબ્રુઆરી દરમિયાન ત્રણ દિવસની ચિંતનશિબિર યોજવામાં આવી હતી. આશ્રમના આધ્યાત્મિક અને પ્રાકૃતિક વાતાવરણમાં યુનિવર્સિટીના કુલપતિ શ્રી હર્ષદ પ્ર. શાહ તથા નિયામક શ્રી ડૉ. મહેન્દ્ર ચોટલિયાએ ચિંતનશિબિરનો હેતુ સિદ્ધ થાય એવી વ્યક્તિગત-સામૂહિક પ્રવૃત્તિઓ કરાવડાવી હતી. તેમજ બધા જ કર્મચારીઓ સાથે યુનિવર્સિટીની ભવિષ્યની વિસ્તૃત યોજનાઓ અને સંભવિત કાર્યોની ચર્ચા કરી હતી. અંતે તમામ કર્મચારીઓએ શિબિરની સાર્થકતા સન્દર્ભે પોતાના વિધાયક પ્રતિભાવો આપ્યા હતા.



❇ 'ભાવનગર મહિલા મંડળ' તથા 'બાળ વિશ્વવિદ્યાલય'ના સંયુક્ત ઉપક્રમે દિ. ૧૬-૦૨-૧૩ ના રોજ નવમા 'તપોવન સંશોધન કેન્દ્ર'નું ઉદ્‌ઘાટન ભાવનગરના મેયરશ્રી સુરેશભાઈ, 'ભાવનગર મહિલા મંડળ'નાં પ્રમુખ શ્રી નીલાંબરીબહેન વોરા તેમજ અગ્રણી નાગરિકોની ઉપસ્થિતિમાં 'બાળ વિશ્વવિદ્યાલય'ના કુલપતિ શ્રી હર્ષદ પ્ર. શાહના વરદ હસ્તે થયું. શ્રી શાહસાહેબે એમના વક્તવ્યમાં સ્ત્રીશક્તિનો મહિમા સમજાવ્યો હતો અને આપણા પ્રાચીન ગર્ભસંસ્કારના વારસાને આધુનિક વિજ્ઞાન સાથે જોડી તેજસ્વી બાળકના નિર્માણ દ્વારા તેજસ્વી ભારતના નિર્માણની વાત કરી હતી. અન્ય વક્તાઓએ પણ તપોવન કેન્દ્રની પ્રવૃત્તિઓને બિરદાવી હતી અને પોતાના નગરમાં આવું કેન્દ્ર શરૂ થયાનો આનંદ વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે અઢીસો જેટલી બહેનો અને પચાસ મહાનુભાવો મળી કુલ ૩૦૦ નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

❇ ભોપાલની 'અટલબિહારી વાજપેયી હિન્દી વિશ્વવિદ્યાલય' દ્વારા હિન્દી ભાષાનો પ્રચાર-પ્રસાર થાય, જગતનું બધા વિષયોનું જ્ઞાન હિન્દી ભાષામાં પણ ઉપલબ્ધ કરાવી શકાય, એ હેતુથી દિ. ૨૧, ૨૨ ફેબ્રુઆરીના રોજ એક બેઠકનું આયોજન થયું હતું, જેમાં 'બાળ વિશ્વવિદ્યાલય'ના કુલપતિ શ્રી હર્ષદ પ્ર. શાહ ઉપસ્થિત રહ્યા હતા. બેઠકમાં ઉપસ્થિત સૌએ હિન્દી ભાષાની ગરિમા સચવાવી જોઈએ તેમજ ઉચ્ચ શિક્ષણ માટેના તમામ અભ્યાસક્રમો હિન્દી ભાષામાં તૈયાર થવા જોઈએ તેવો સૂર પ્રગટ કરી આ કાર્ય માટે દેશભરમાંથી તજ્જ્ઞો શોધવાની ચર્ચા કરી હતી.

- દિ. ૨૧ ફેબ્રુઆરીએ 'બાળ વિશ્વવિદ્યાલય'માં 'વિશ્વ માતૃભાષા ગૌરવ દિન'ની ઉજવણી થઈ જેમાં તમામ કર્મચારીઓએ માતૃભાષાના મહિમા વિશે પોતાના વિચારો રજૂ કર્યા. આપણી માતૃભાષા પ્રત્યે સૌને અહોભાવ થાય તેવી વિવિધ સ્વરૂપોની કાવ્યકૃતિઓનું પઠન-રસદર્શન થયું. આ પ્રસંગે શિક્ષણના માધ્યમ તરીકે માતૃભાષાની અનિવાર્યતાની ચર્ચા પણ થઈ.
- 'ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ' (માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક)નું શૈક્ષણિક અને વહીવટી અધિવેશન દિ. ૨૨, ૨૩, ૨૪ ફેબ્રુઆરી દરમિયાન અંબાજી ખાતે મળ્યું હતું. જેમાં રાજ્યભરની શાળાઓના આચાર્યશ્રીઓ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ અધિવેશનના અંતિમ દિવસે 'બાળ વિશ્વવિદ્યાલય'ના કુલપતિ શ્રી હર્ષદ પ્ર. શાહના અધ્યક્ષ સ્થાને એક સત્ર યોજાયું હતું, જેમાં કુલપતિશ્રીએ બાળ વિશ્વવિદ્યાલયની સંકલ્પના, હેતુ અને પ્રવૃત્તિઓની માહિતી આપવાની સાથે સર્વાંગી કેળવણી, પંચકોશાત્મક વિકાસ, આપણા ઋષિમુનિઓએ ગણિત-વિજ્ઞાન ક્ષેત્રે કરેલી શોધો, India નહીં ભારત જેવા વિષયોને આવરી લઈ વક્તવ્ય આપ્યું હતું.



- પાલનપુર સ્થિત સંતશ્રી રાજારામ પ્રાથમિક-માધ્યમિક શાળા ખાતે દિ. ૨૭-૦૨-૧૩ના રોજ શિક્ષક-વાલીસંમેલન યોજાયું હતું, જેમાં પ્રમુખ વક્તા તરીકે 'બાળ વિશ્વવિદ્યાલય'ના કુલપતિ શ્રી હર્ષદ પ્ર. શાહ સાથે વિશ્વવિદ્યાલયના અન્ય કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા. પ્રથમ સત્રમાં આ શાળાના શિક્ષકો સાથેની અનૌપચારિક ગોષ્ઠિમાં શ્રી શાહસાહેબે શિક્ષકોને વ્યાવસાયિક સંતોષ મળ્યા કરે એવી સજ્જતા અને તન્મયતાથી પોતાનું દાયિત્વ નિભાવવાની પ્રેરણા આપી હતી. ચન્દ્રકાન્ત વ્યાસે 'બાળ વિશ્વવિદ્યાલય'ની સંકલ્પના અને તર્પણા વ્યાસે શિક્ષકની ભૂમિકા વિશે વાતો કરી હતી. બીજા સત્રમાં પાંચસોથી વધુ વાલીઓને સંબોધતા શ્રી શાહસાહેબે 'બાળ વિશ્વવિદ્યાલય'ની બાળલક્ષી વ્યાપક પ્રવૃત્તિઓ, તપોવન અને વિદ્યાનિકેતન કેન્દ્રોની માહિતી આપી હતી. તેમજ બાળવિકાસમાં વાલીઓની ભૂમિકા સદષ્ટાન્ત સ્પષ્ટ કરી હતી.



- દિ. ૨૬-૦૨-૧૩ના રોજ કે.સી.જી. ગાંધીનગર દ્વારા આયોજિત 'Leadership Retreat for Principal' વિષયક ત્રિદિવસીય કાર્યક્રમના ઉદ્‌ઘાટન પ્રસંગે 'બાળ વિશ્વવિદ્યાલય'ના કુલપતિ શ્રી હર્ષદ પ્ર. શાહ ઉપસ્થિત રહ્યા હતા અને ગુજરાતની વિવિધ કૉલેજોના ૪૦ થી વધુ આચાર્યશ્રીઓ સમક્ષ 'આદર્શ નેતૃત્વ' વિષય પર પ્રેરક વક્તવ્ય આપ્યું હતું.